ગુજરાત સરકાર,
ઠરાવ ક્રમાંકઃ પરચ/૨૦૧૬/યુઓઆર-૪/ચ,
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૩-૪-૨૦૧૬

વંચાણે લીધાઃ-

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૨૪/૧૦/૨૦૦૨ નો ઠરાવ ક્રમાંકઃ પરચ-૨૦૦૨-૧૦૮૨-ચ.

ભારત સરકારની પેયજળ અને સ્વચ્છતા મંત્રાલયની માર્ગદર્શિકા મુજબ લોકભાગીદારી માંગ આધારીત વિકેન્દ્રિત પેયજળ યોજના ગુજરાતના તમામ ગામોમાં અમલમાં છે. ઉપરોકત વંચાણે લીધેલ ઠરાવની જોગવાઇ મુજબ પાણી અને સ્વચ્છતા બાબત પાણી સમિતિની રચના કરવા અને તેના કાર્યો અને ફરજો નકકી કરવામાં આવેલા છે.

ઠ રા વઃ-

– ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩(સને ૧૯૯૩ નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ૧૮) ની કલમ-૨૩૮ ની પેટા કલમ (૨) થી મળેલ અધિકારની રૂએ ગુજરાત સરકાર આથી તમામ ગ્રામ પંચાયતોને, અધિનિયમની કલમ-૯૯ અને અનુસૂચિ-૧ની બાબત-૧ માં જણાવેલ પાણી પુરવઠા અને સ્વચ્છતા બાબતની ફરજો બજાવવા માટે પાણી સમિતિની રચના કરવા અને નીચેની સૂચના મુજબ અમલ કરવા આથી આદેશ કરવામાં આવે છે.

(૧) અધિનિયમની કલમ-૯૨(૪) અન્વયે દરકે ગ્રામ પંચાયતે અને ખાસ કરીને પાણી પુરવઠા યોજના શરૂ કરવાની હોય અથવા તે અમલમાં હોય તેવી દરેક ગ્રામ પંચાયતોએ, પાણી સમિતિની રચના કરવાની રહેશે અને તે માટે કલમ-૯૨(૪) અન્વયે જરૂરી છે તે સરકારની પૂર્વમંજૂરી આ આદેશથી આપવામાં આવે છે.

(૨) પાણી સમિતિની રચના નીચેની પેરા-૩ ની વિગતે ગ્રામ પંચાયતે ઠરાવથી કરવાની રહેશે. તે પહેલાં ગ્રામસભાની સભામાં આ હુકમ વંચાણે લઇ, પાણી સમિતિના કાર્યો અને ફરજો અને જવાબદારીની સમજૂતી કરી સમિતિની રચના માટે સભ્યોની પસંદગી માટે અને સમિતિની સભ્ય-સંખ્યા નકકી કરવા વિગેરે બાબતોની ગ્રામસભાની ભલામણનો ઠરાવ મેળવવો અને તે ભલામણો ધ્યાનમાં લઇને ગ્રામ પંચાયતની બેઠકમાં સમિતિની સભ્ય-સંખ્યા, રચના અને મુદત સંબંધી ઠરાવ કરવાનો રહેશે.

(૩) સમિતિનું બંધારણ:-

અધિનિયમની કલમ-૯૨(૪) અન્વયે ગ્રામ પંચાયતના અધિકાર અન્વયે ગ્રામસભાની ભલામણ ધ્યાને લઇને નીચે મુજબની પાણી સમિતિની રચના કરવા ઠરાવવું.

(૧) પાણી સમિતિની સભ્યની સંખ્યા ૧૦ થી ૧૨ ની રહેશે. મોટા ગામો એટલે કે જેની વસ્તી ૨૫૦૦ માણસોથી વધારે હોય તેવા ગામોમાં પંચાયત ઠરાવે તે પ્રમાણે સમિતિના સભ્યોની સંખ્યા વધુ રાખી શકાશે. આ સભ્યો પૈકી ઓછામાં ઓછા ૫૦ ટકા મહિલા સભ્યોની સંખ્યા હોવી જોઇએ. કુલ વસ્તીના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના પ્રમાણસર (ટકાવારી મુજબ) જરૂરી બેઠકો તેવી જાતિના વ્યકિતઓ માટે અનામત રહેશે. અનુસૂચીત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસ્તીના પ્રમાણસર બેઠકો ગણતાં એક પણ બેઠક મળવાપાત્ર ન હોય અને ગામમાં આ જાતિની વસ્તી હોય તો દરેકમાંથી ઓછામાં ઓછી એક બેઠક અનામત રાખવાની રહેશે. જૂથ ગ્રામ પંચાયત હોય તો દરેક ગામને વસ્તીના પ્રમાણસર કુલ બેઠકો ફાળવવી.

(૨) સરપંચ અને પંચાયત ઠરાવે તેવા પંચાયતના ઉપસરપંચ સહિતના સભ્યોમાંથી ચાર સભ્યો, પરંતુ પેરા-૧ની જોગવાઇઓને આધિન તે પાંચ પૈકી એક સ્ત્રી અને બે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અથવા સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના હોવા જોઇશે.

(૩) ગ્રામ પંચાયત વિસ્તારના સ્થાનિક રહેવાસીઓ જેઓ મતદાર હોય તેવા

(ક) સ્થાનિક રજીસ્ટર થયેલી સ્વૈચ્છિક સંસ્થાઓ (સહકારી મંડળી, યુવક મંડળ, ખેડૂત મંડળ, મહિલા મંડળ વગેરે) ના પ્રતિનિધિ ૨ થી ૩ સભ્યો.

(ખ) જાહેર પાણી સ્થળની આસપાસ લોકોમાં પાણી પુરવઠાના કામમાં સ્વૈચ્છિક અને માનદ (વિના વેતને) સેવા આપી શકે તેવા બાકીના તમામ સભ્યો.

(૪) સમિતિના કાર્યમાં સહયોગ આપી શકે તેવા સમિતિ ઠરાવે તેવા વિવિધલક્ષી આરોગ્ય કાર્યકર, શિક્ષક, આંગણવાડી કાર્યકર, પાણી પુરવઠા બોર્ડ નિયુકત કરે તે પ્રતિનિધિ, ગ્રામસેવક, તલાટી કમ મંત્રી, કાયમી રીતે હોદ્દાની રૂએ આમંત્રિત સભ્ય રહેશે અને તેઓ સમિતિની બેઠકમાં ભાગ લઇ શકશે, પરંતુ કોઇ નિર્ણય માટે મત આપવાનો અધિકાર રહેશે નહિ.

(૫) તલાટી-કમ-મંત્રી, સમિતિના મંત્રી રહેશે. તેમણે સમિતિની બેઠક બોલાવવાની કાર્યવાહી કરવી, કાર્યવાહી નોંધ લખવી, ઠરાવોનો અમલ કરવા અંગે પગલાં લેવા, પત્રવ્યવહાર કરવો, વિગેરે તમામ વહીવટી અને નાણાંકીય કામગીરી કરવાની રહેશે. તેમણે પંચાયત ધારા મુજબના કાર્યો/ફરજો અને તેમજ નાણાંકીય નિયમો અને ગુજરાત પંચાયત કાર્યરીતિના નિયમો મુજબની કામગીરી કરવાની રહેશે.

(૬) સમિતિના સભ્યો, સમિતિના અધ્યક્ષ પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૯૨ ની પેટા કલમ-૫ ની જોગવાઇને આધિન રહીને પોતાનામાંથી ચૂંટશે.

(૭) આ સમિતિની મુદત ગ્રામ પંચાયતે કલમ-૯૨(૬) (ક) અન્વયે પાંચ વર્ષની ઠરાવવી અને પંચાયતની મુદતના પુરા નહિ થયેલા ભાગ જેટલી રહેશે. અગાઉની સમિતિના સભ્યો ફરી નિયુકત થઇ શકે અથવા તેમાં ફેરફાર પણ કરી શકાશે.પરંતુ પાંચ વર્ષની મુદત દરમ્યાન સભ્યના મૃત્યુ/રાજીનામા જેવા કારણોસર ખાલી પડેલ જગ્યા ભરવા સિવાય સમિતિની પુર્નરચના થઇ શકશે નહિ.

(૮) સમિતિના મંત્રીએ, સમિતિની રચના, ગ્રામસભા, પંચાયત સભાના ઠરાવોની નકલો, બેઠકની કાર્યસૂચિ, બેઠકની કાર્યવાહી નોંધની નકલ અને કોઇ મુશ્કેલી જણાય તો ખાસ અહેવાલ તાલુકા વિકાસ અધિકારીને અચૂક મોકલવાનો રહેશે. અને તાલુકા વિકાસ અધિકારીના વહીવટી નિયંત્રણ તથા ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના અધિકારીના તાંત્રિક માર્ગદર્શન હેઠળ સમિતિએ કામકાજ કરવાનું રહેશે.

(૯) <u>પાણી સમિતિના કાર્યો અને ફરજો:-</u>

૧. ગ્રામ પંચાયત વિસ્તારમાં પાણીના સ્ત્રોત, પાણી પીવા લાયક છે કે કેમ, પાણીના જથ્થાની વિગતો સાથેનું રજીસ્ટર રાખવું, તથા પીવાલાયક પાણીના સ્ત્રોતનો વિકાસ લોકસહકારથી કરવો.

૨. જળસ્ત્રોતના વિકાસની જાળવણી અને સંરક્ષણના કાર્યક્રમને વેગ આપવા માટેના જરૂરી પગલાં અને આયોજનનો અમલ કરવો. તથા તે માટે સંબંધકર્તા ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, વૉટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઇઝેશન, જિલ્લા આયોજન મંડળ, સરકાર તેમજ લોકો અને અન્ય સંસ્થાઓ પાસેથી સહાય મેળવવાના પ્રયત્નો કરવા.

૩. મંજૂર થયેલા કામોના અમલીકરણની તકેદારી રાખી સમયસર પૂરા થાય તેની કાળજી લેવાની રહેશે.

૪. પાણીના સ્ત્રોતની જાળવણી, મરામત, સારસંભાળ રાખવી તેમજ તે માટેના ખર્ચનું આયોજન કરવું.

૫. પીવાના પાણીની વ્યવસ્થા માટે જરૂરી પાણીવેરો, તેની વસુલાત કરવી. પાણીવેરાના દરો નિયમિત સમયે સુધારવા, અને તેની ગ્રામસભામાં મંજૂરી લેવી તેમજ સમયસર પાણીવેરાની આકારણી, ઘરવેરાની આકારણીની જેમ દર ચાર વર્ષે થાય છે તે ધોરણ રાખવું. પરંતુ સ્થાનિક સંજોગોને ધ્યાને લઇ પાણીવેરાની આકારણીમાં સુધારો કરવા માટે સમયમર્યાદા ટૂંકી પણ રાખી શકાશે. પાણીવેરાની વસુલાત કરવાની જવાબદારી પાણી સમિતિની રહેશે.

૬. પાણી વેરા પેટે જે વસુલાત આવે તે રકમનો ઉપયોગ પાણીના હેતુ સિવાય અન્ય કોઇ હેતુ માટે ઉપયોગ થઇ શકશે નહિ. પાણીવેરો ખાસ વેરા તરીકે લેવાનો હોઇ, તેના માટે પાણી સમિતિ ધ્વારા અલગ બેંક ખાતુ તથા હિસાબો નિભાવવાના રહેશે.

૭. પાણીની પાઇપ લાઇન, ટાંકા, તથા પાણી વિતરણ સ્થળની આજુબાજુ સ્વચ્છતા જાળવવી.

૮. ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલા પાણીના ટાંકા, ટેન્કર તેમજ પાણીની ટાંકીઓની નિયમિત સફાઇ કરવી અને કલોરીનેશન કરીને જાળવણી કરવાનું રહેશે.

૯. ગામલોકોમાં આરોગ્ય અને સફાઇની જાગૃતિ લાવવા અંગેના કાર્યક્રમનું અમલીકરણ પાણી સમિતિ કરશે. સહકારી, સ્વૈચ્છિક સંસ્થાઓનો તેમજ લોકોનો સહયોગ લેવાનો રહેશે.

૧૦. સમાજના નબળા વર્ગના કુટુંબોને સમાન ધોરણે પાણીનો પુરવઠો મળી રહે તે માટે પાણી સમિતિએ ખાસ કાળજી રાખવાની રહેશે.

૧૧. સરકારી વિભાગોના આરોગ્ય અને ગ્રામ વિકાસના કાર્યક્રમોમાં ગ્રામ લોકો ભાગ લે તેવા પ્રયત્નો કરવાના રહેશે.

૧૨. રાજ્ય સરકારશ્રીના અન્ય વિભાગો હેઠળની પીવાના પાણીની સુવિધાના કામોની ગ્રાન્ટ અને નાણાં પંચની ગ્રાન્ટ હેઠળની પાણી પુરવઠા યોજનાના કામોનું સંચાલન, નિયંત્રણ અને જાળવણીની જવાબદારી પણ આ સમિતિની રહેશે.

આ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પરચ/૨૦૦૨/૧૦૮૨/ચ, તારીખઃ ૨૪/૧૦/૨૦૦૨ આથી રદ કરવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર પાણી પુરવઠા વિભાગની તા.૨૪-૧૧-૨૦૧૫ ની તેમજ સરકારશ્રીની તા.૧૧-૪-૨૦૧૬ ની સંમતિ મેળવીને બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વનરાજસિંહ પઢારિયા)
નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ

નકલ રવાનાઃ-

૧. માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. તમામ માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
૩. તમામ માન.રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૫. અગ્રસચિવશ્રી (પંચાયત) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૬. અગ્રસચિવશ્રી (પાણી પુરવઠા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૭. તમામ અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૮. વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૯. તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ (વિકાસ કમિશ્નરશ્રી મારફત)
૧૦. તમામ કલેકટરશ્રીઓ/સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
૧૧. અધ્યક્ષશ્રી/સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
૧૨. તમામ ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓ(તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ મારફત)
૧૩. પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગની તમામ શાખાઓ (ચ શાખા સિવાય)
૧૪. નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
૧૫. શાખા સિલેકટ ફાઇલ.

E:\Nitin-Office\Patnibhai\Pani Samiti\Draft-GR-PS-241115.docx